# શક્તિપીઠ અંબાજીમાં ભારે ભીડ

## અંબાજી તરફના માર્ગો પર વાહનોની લાંબી લાંબી કતારો લાગી : અંબાજી મંદિરના પાર્કિંગમાં માઈ ભક્તો સાથે ઉઘાડી લુંટ





અંબાજી, તા. ૧૧ શકિત, ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું છે, આ ધામમાં દિવાળી વેકેશનને લઈ અંબાજી તરફ દર્શન કરવા આવતા માઈ ભક્તો અને આબુ ફરવા જતા યાત્રિકોનો ભારે ઘસારો હોઈ અંબાજી તરફના માર્ગો પર હાલ વાહનોની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે અને અંબાજી મંદિરમા પણ માઈભક્તોની લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે.

શકિતપીઠ અંબાજીના પ્રવેશના તમામ માર્ગો મયુર દ્વાર, સિંહ દ્વાર અને ગજ દ્વારથી તમામ માર્ગો પર વાહનોની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે અને પાર્કિંગ પણ હાઉસફુલ થઈ ગયા છે અને વાહન ચાલકો પોતાના વાહનો માર્ગો પર મુકી જતા રહેતા લોકોને ભારે હાલાકી પડી રહી છે, હાલમા ગબ્બર તરફ પણ ભારે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે, બીજી તરફ અંબાજી મંદિરમા પણ માઈ ભક્તો માટે દર્શન કરવાની લાઈનો પણ ખુબ લાંબી લાંબી જોવા મળી રહી છે, હાલમા દિવાળી વેકેશન હોઈ માઈ ભક્તો શક્તિપીઠના દર્શન કરવા આવતા હોય છે અને મંદિરમા પણ લાઈનો લાગતી હોઈ ભક્તોને ભારે તકલીફોનો સામનો કરવો પડતો હોય છે આમ લાભ પાંચમથી આ ટ્રાફિકજામ હળવો થશે અને વેકેશન પૂર્ણ થશે.

દિવાળી વેકેશનને લઈ અંબાજીમા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના પાર્કિંગમાં માઈ ભક્તો સાથે ઉઘાડી લૂંટ ચલાવાઈ રહી છે અને વાહન ચાલકોને આવતી ગાડીની પાવતી આપવામાં આવે છે અને પાછી જતી ગાડીઓની પાવતી ન આપી રોકડા રૂપિયા મન ફાવે તેવા લઈ રહ્યાની આપવીતી કેટલાક વાહન ચાલકો જણાવી રહ્યાં છે વધુમાં હિલિયમ બલૂન નીચેનું ફ્રી પાર્કિંગ પણ પે પાર્કિંગ અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી કરી દેવાયુ છે અને અહીં પણ ભાવ પત્રક લગાવવામાં આવ્યુ નથી.

**અંબાજી મંદિરના લગેજ રૂમ અને પગરખાં કેન્દ્રમાં પણ રૂપિયા લેવાનો કારસો : અંબાજી મંદિરમાં વીઆઈપી દર્શનમા લાલીયાવાડી : અંબાજીમાં ગટરોનુ પાણી ઊભરાયુ**

અંબાજી આવતા માઈ ભકતો માટે લગેજ રૂમ અને પગરખાં કેન્દ્રના મોટાભાગના કેન્દ્રો પર માઈ ભક્તો માટે વિના મુલ્યેની સુવિધાઓ હોવા છતાં પણ માઈ ભક્તો માટે દિવાળી દિવાળી કરી રૂપિયા લેવાની ઘટનાઓ સામે આવી છે.

અંબાજી મંદિરમાં વીઆઈપી દર્શન કરવા માટે નિયમો બનાવ્યા હોવા છતાં અહીં મન ફાવે તેવા લોકોને અંદર દર્શન કરવા માટેના પાસ આપવામાં આવી રહ્યાં છે કેટલાક ભક્તોનું કહેવું હતુ કે જે લોકો ૫ કિલો મીઠાઈના પેકેટ લાવી રહ્યા છે તેમને પણ વીઆઈપી દર્શન કરાવવામાં આવી રહ્યા છે જયારે ૧-૨ કલાક લાઈનમા ઉભેલા ભક્તો સાથે સિક્યુરિટી ધક્કા મુક્કી કરી જલ્દી બહાર કાઢી દે છે. અંબાજી મંદિર ના ૭ અને ૯ નંબર ગેટ પર ગમે તે લોકોને પ્રવેશ આપવાનું બંધ કરી નિયમોમાં આવતા લોકોને જ પ્રવેશ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે, મુખ્યદ્વાર શક્તિદ્વાર પર સામાન્ય ભક્તો લાંબી લાંબી લાઈનોમાં ઉભા હોય છે. જયારે ૭ અને ૯ નંબર ગેટથી ભેદભાવથી ગેર કાયદેસર પ્રવેશ કરતા લોકો પર મંદિરના વહીવટદાર કડક નિર્ણય કરે તેવી માંગ ઉભી થવા પામી છે.

અંબાજી મંદિરના લગેજ રૂમમા માઈ ભક્તો માટે મોબાઈલ મુકવાના સ્ટોર જયારે હાઉસફૂલ થઈ જાય ત્યારે અંબાજી મંદિરમાં દર્શન કરવા જતા તમામ માઈ ભક્તો મોબાઈલ લઈ મંદિરમાં પ્રવેશ કરી રહ્યા છે અને ચાચરચોકમા સેલ્ફી લઈ રહ્યા છે, ભાદરવી મહામેળામાં પણ મોબાઈલ પ્રતિબંધનો ફિયાસ્કો થયો હતો.

અંબાજીમાં યોગેશ્વર નગરના નાકે ગટરોનુ ગંદુ પાણી છેલ્લા કેટલાક દિવસોથી રોડ પર ભરાઈ ગયું છે તેમ છતાંય વહીવટીતંત્ર તરફથી કોઈ જ પગલા ભરવામાં આવ્યા નથી, અંબાજીમાં સફાઈ પાછળ વર્ષ દરમિયાન લાખો રૂપિયાનો ખર્ચો કરવામાં આવી રહ્યો છે.









## શામળાજી પરિસરમાં દીપ પ્રાગટ્ય સાથે મહાભોગ અને અન્નકૂટ ઉત્સવ દર્શન

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિરમાં દિપાવલી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મંદિર સહીત સમગ્ર પરિસરને અવનવી રોશનીથી શણગારતા દીપી ઉઠ્યું હતું. કાળીયા ઠાકોરને અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો. શામળાજી મંદિરમાં દીપાવલી પર્વની રાત્રે અને નવા વર્ષના વહેલી સવારથી ભગવાન શામળિયા દર્શન કરવા ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. મંદિરના ટ્રસ્ટી અનિલભાઈ પટેલના જણાવ્યા અનુસાર દેવ દિવાળી સુધી મંદિરમાં અવનવી રોશની કરવામાં આવશે અને દર્શનાર્થે આવતા ભક્તોને તકલીફ ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

## હિંમતનગર જીઆઈડીસી નજીક લકઝરીએ ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર-અમદાવાદ રોડ પર આવેલ જીઆઈડીસી નજીકથી ભાઈબીજના દિવસે પસાર થઈ રહેલ એક લકઝરીના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવિંગ કરી અહીંથી પસાર થઈ રહેલ બાઈકચાલકને હડફેટે લેતા તેમનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

## પ્રાંતિજના તાજપુર કૂઈમા સામાન્ય બોલાચાલી બાદ આધેડને માર મારતા સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે સામાન્ય બોલાચાલી બાદ બે વચ્ચે ઝઘડો થતાં ધોકાથી માર મારતા સારવાર દરમ્યાન આધેડનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ રાત્રીના ૧૮-૪૫ કલાકે તાજપુર-આરોણ ગામની સીમમાં મરણ જનાર આધેડ નવલસિંહ ઉર્ફે નરેન્દ્રસિંહ કચરસિંહ ઝાલા ઉ.વર્ષ-૬૦ને આરોપી જેણાભાઈ ખોડાભાઈ વાઘેલા (દેવી પુજક) રહે. ઓરાણનાઓએ પગી અહી બેસીને શું કરે છે તેમ કહેતા નવલસિંહ પગી કહેવાનું ના પાડતાં આ કામના આરોપી જેણાભાઈ ખોડાભાઈ એક દમ ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી ખેતરમાં પડેલ ધોકાથી માર મારી હાથે ખભાથી નીચે બાવડાના ભાગે તથા જમણા ભાગે તથા જમણા પગના પંજાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા મરણ જનાર નવલસિંહ ઝાલાને ૧૦૮ મારફતે પહેલાં પ્રાંતિજ અને હિંમતનગર તથા વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમ્યાન નવલસિંહ કચરસિંહ ઝાલાનું મોત નિપજ્યું હતું. આ અંગેની પોલીસ ફરીયાદ રગુસિંહ બળદેવસિંહ ઝાલા ઉ.વર્ષ- ૪૨ રહે. તાજપુર કૂઈ દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે આરોપી જેણાભાઈ ખોડાભાઈ વાધેલા રહે.ઓરાણની અટકાયત કરી આઈપીસી કલમ-૩૦૨, ૫૦૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજજર તપાસ હાથ ધરી છે.

### સફારી પાર્ક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવામાં આવ્યો છે. ગાંધીનગર એ દેશ-વિદેશના મહેમાનોની અવર-જવર વધુ ધરાવે છે અને એશિયાના સિંહ જોવા માટે ગીર સુધી જાય છે પરંતુ તે અહિ જ ઉપલબ્ધ કરાવી અને પ્રવાસીઓનું આકર્ષણ વધે તે મુખ્ય વાત છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે સુરત નજીક દીપડા માટેની સફારી ઉભી કરવાનું આયોજન છે. આ ઉપરાંત વાઘ માટે પણ અલાયદી સફારી સૌરાષ્ટ્રમાં ઉભી કરવામાં આવશે.

આ બધી બાબતોને આવરી લઈ વન વિભાગે એક વિસ્તૃત દરખાસ્ત તૈયાર કરી છે. કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે અને મંજૂરી મળશે તેવી આશા પણ તંત્ર રાખી રહ્યુ છે.

### અતીતની આજ ● ચોથા પાનાનું ચાલું

ગુજરાતમાંથી પણ કેટલાંક નામો બદલાયાં છે. એમની યાદી પણ ખાસ્સી મોટી છે. અગાઉ બરોડા તરીકે જેનો ઉલ્લેખ થતો તે હવે વડોદરા છે. અગાઉ કૅમ્બે તરીકે જેનો ઉલ્લેખ થતો તે હવે ખંભાત છે. અગાઉ બલસાર કહેવાતું તે હવે વલસાડ છે. આ રીતે બ્રિટિશ શાસકો માટે જેમના ઉચ્ચારો કરવાનું અશક્ય હતું અથવા વિચિત્ર ઉચ્ચારો થતા હતા અથવા જુદા જ પ્રકારની જોડણી લખવામાં આવતી હતી, એ બદલીને આઝાદી પછીના સમયગાળામાં ભારતીય મૂળને અનુરૂપ નામકરણ કરવામાં આવેલાં જોવા મળે છે. એટલે અમદાવાદનું કર્ણાવતી કરવાની બાબતમાં રાજકીય રોટલા શેકવાની કોશિશ છેલ્લા ત્રણ દાયકાથી થઈ રહી છે. તેને હજુ અમલમાં લાવવાનું શક્ય બન્યું નથી. જો કે રાજાને ગમે તે રાણી, એ ન્યાયે મહાપાલિકા,રાજ્ય અને કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષનું શાસન છે અને માથે ચૂંટણી છે એવા સંજોગોમાં ચૂંટણીમાં નક્કર પ્રજાલક્ષી કલ્યાણના મુદ્દાઓની ચર્ચાને બદલે માત્ર ભાવનાત્મક (ઈમોશનલ) મુદ્દાઓ ઉછાળવાના વ્યૂહના ભાગરૂપે અમદાવાદનું કર્ણાવતી કરવાની બાબત ફરી ગજવવામાં આવે છે. અત્યાર સુધી કોંગ્રેસે અમદાવાદનું કર્ણાવતી થવા ન દીધું અને અમે એ કરીને બતાવ્યું, એવો દાવો થઈ શકે, એ દર્શાવવાની યોજના છે. જો કે ૧૯૮૮થી અત્યાર સુધીમાં અમદાવાદનું કર્ણાવતી કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારોએ કેમ વિલંબ કર્યો, એવો પ્રશ્ન કોઈ પૂછે ત્યારે તેના પર આક્ષેપ અને પ્રતિઆક્ષેપ કરવાનું ચૂંટણી જંગમાં શક્ય બનાવીને મુખ્ય મુદ્દાઓને બાજુમાં હડસેલવાની કવાયત છે.

કોંગ્રેસ ભૂમિકા સ્પષ્ટ કરવામાં નિષ્ફળ

આવા સંજોગોમાં કોંગ્રેસ પોતે પણ આ બાબતમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરવામાં નિષ્ફળ નીવડી છે. હકીકતમાં કોંગ્રેસની છબી મુસ્લિમ પાર્ટી તરીકેની જળવાઈ રહી છે. ભારતીય જનતા પક્ષ ‘‘સબકા સાથ, સબકા વિકાસ’’ની વાત કરીને પણ પોતાની છબી બહુમતી હિંદુઓની પાર્ટી હોવાની છાપ વધુ મજબૂત બનાવાય છે. આગામી ચૂંટણી પૂર્વે કર્ણાવતી જેવા અનેક મુદ્દાઓ ઉછાળવામાં આવે એ સ્વાભાવિક છે. જો કે અંતે પ્રશ્ન તો એ જ આવીને ઊભો રહે છે કે અમદાવાદનું નામ કોઈ મુસ્લિમ સંસ્થાપકને નામે હોવાનું કઠતું હોય તો તેને કર્ણાવતી જ કેમ કરવું ? કારણ કે આશા ભીલનું આશાવલ કે આશાપલ્લી કેમ ન કરી શકાય ? એ બાબતે પણ ભારતીય જનતા પાર્ટીના શાસકોએ સંતોષકારક ઉત્તર આપવો પડે.આદિવાસી સમાજમાં પણ ભારે અજંપો જોવા મળે છે.મુસ્લિમ સમાજ મહદ્ અંશે મૂકપ્રેક્ષક બની રહેવા વિવશ છે.આવી રાજકીય ખેંચતાણોમાં દેશની પ્રજાની સુખાકારી અને ચૂંટણી ઢંઢેરાનાં વચનોના અમલની વાત વિસારે પાડવાના જ વ્યૂહ હોય એ સ્વયંસ્પષ્ટ છે. પ્રજા જાગે અને પ્રશ્નો પૂછતી થાય નહીં, એ માટે એને આવા નાત-જાત કે ધાર્મિક વિભાજનોના વિતંડાવાદમાં અટવાયેલી રાખવાની આ યોજનાબદ્ધ કોશિશથી વિશેષ કશું નથી.

- haridesai@gmail.com

### યુવતીનુ મૃત્યુ... ● ત્રીજા પાનાનું ચાલુ

રાવલ (રહે. ઉવારસદ)ની ફરીયાદ પ્રમાણે હાઈટેક પાસે રોડની સાઈડમાં રીક્ષા ઉભી રાખીને વર્ષાબેનને ઉતારીને નિકળતા હતા તેટલામાં પાછળથી સફેદ કલરની બ્રેઝા કાર નં જીજે ૧૮ બીજી ૫૫૧૦એ વર્ષાબેનને ટક્કર મારીને રીક્ષાને પાછળથી અડફેટે લેતા રીક્ષા પલ્ટી મારીને ફંગોળાઈ ગઈ હતી. આસપાસથી લોકો ભેગા થઈ ગયા હતા અને અકસ્માત સર્જનાર બ્રેઝાનો ચાલક કારમાંથી બે બોટલો લઈને ભાગી ગયો હતો. ૧૦૮ મારફતે બંનેને ગાંધીનગર સિવિલમાં ખસેડાતા વર્ષાબેનને તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસ બનાવ સ્થળે તથા સિવિલ દોડી આવી હતી. ઘટનાના પગલે લોકોનાં ટોળે ટોળા બંને સ્થળે ઉમટી પડ્યા હતા અને અકસ્માત સર્જનાર કાર ચાલકને પોલીસે ભગાડી મુક્યાનો આક્ષેપ કર્યો હતો. પ્રાથમિક તપાસ મહિલા પીએસઆઈ એ જે શાહે કર્યા બાદ પીએસઆઈ વી એમ દેસાઈને સોપવામાં આવી છે. કાર ચાલક પીધેલો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હજુ પકડાયો નથી. પોલીસે જ આરોપીને ભગાડી મુક્યાના આક્ષેપ સાથે લોકોમાં પોલીસ સામે રોષ જોવા મળ્યો હતો.

### સુતળી બોબ... ● ત્રીજા પાનાનું ચાલુ

શખ્સોને ભાગતા જોયા હોવાનું જણાવ્યુ હતુ અને જોયે ઓળખી શકે તેમ જણાવ્યુ હતુ. જેના પગલે હાર્દીકભાઈ પડોશીઓને ગાડીમાં લઈને શોધવા નિકળતા ગ-દોઢ પાસે સેકટર-૩બીનાં ખુણામાં અંધારામાં ૪ છોકરાઓ બેઠેલા જોવા મળ્યા હતા. હાર્દીકભાઈએ તેમનાં તરફ ગાડી વાળતા ચારેય શખ્સો ભાગતા શંકા મજબુત બની હતી. તેમનો પીછો કરતા મહેશ નામનો સેકટર-૪નો છોકરો ઝડપાઈ ગયો હતો. જયારે અન્ય ૩ ભાગી ગયા હતા. મહેશની પુછપરછ કરતા જણાવ્યુ હતુ કે તેમનાં મિત્રો રૂત્વીક, જોન્ટી તથા રાહુલ હતા. સેકટરોમાં જુદી જુદી જગ્યાએ બોમ્બ ફોડતા હતા. સેકટર-૩એમાં બારીએથી ઘરમાં અંદર સુતળી બોમ્બ ફેકતા ફુટતા દોડીને ભાગી આવ્યા હોવાનું તથા રૂત્વીકે બારીમાંથી બોમ્બ ફેક્યો હોવાની કબુલાત કરી હતી. જેના પગલે પોલીસ પીસીઆરને બોલાવીને મહેશને સોપીને હાર્દીકભાઈએ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં આ ચારેય શખ્સો સામે નામદાર કોર્ટનાં જાહેરનામાનો ભંગ કરીને ઘરમાં સુતળી બોમ્બ ફેકીને નુકશાન કરવાનો ગુનો નોંધાવ્યો હતો.

### ઠંડુ શહેર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સૂર્ય પણ મોડો ઉગે છે. હજુ તો સાંજે છ વાગ્યા હોય ત્યાં જ અંધારાના ઓળા ઉતરવા માંડે છે. દિવસે બે-ચાર કલાક જ તડકાની તીવ્રતા અનુભવાય છે. સાંજ પડતા જ વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે. દિવાળી બાદ ઠંડીમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. ઉત્તર ભારતના વિસ્તારોમાં હીમવર્ષા થયા બાદ વધુ ઠંડી અનુભવાઈ રહી છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ગઈકાલે રાત્રે ૧૪ ડિગ્રી જેટલુ નોંધાયુ હતુ. જે સિઝનનું સૌથી ઓછુ છે. વળી ૧૪.૬ ડિગ્રી તાપમાન સાથે ગાંધીનગર ગુજરાતનુ કોલ્ડેસ્ટ સીટી બન્યુ છે. એકાએક જ ઠંડીનો ચમકારો ગાંધીનગરાઓએ અનુભવ્યો છે. ઘણા ઘરોમાં તો પંખા પણ રાત્રીના સમયે બંધ કરી દેવાય છે. બાળકો અને વડીલો માટે ગરમ વસ્ત્રો કાઢવા પડ્યા છે. ગરમ વસ્ત્રોને તડકે તપાવીને ગૃહિણીઓએ ઉપયોગ લેવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મોડી રાત્રે પવનના સુસવાટા શરૂ થાય છે. જેના કારણે બારીઓ બંધ રાખવી પડે છે. પવનના સુસવાટા વહેલી સવારે વધુ તીવ્ર બને છે. બાળકો અને વડીલો ગરમ વસ્ત્રો વિના સવારે બહાર નીકળી ન શકે તેવો ઠંડો પવન ફુંકાય છે. શિયાળાનો પ્રારંભ ધમાકેદાર થયો છે. જેનો અનુભવ સૌ પ્રથમ ગાંધીનગરાઓને થઈ રહ્યો છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીપીઆઈએ ત્રીજા મોરચા તરીકે ગઢબંધન કરીને મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી લઈને સાંજે ૩ વાગ્યા સુધીનો રહેશે જ્યારે બાકીના મતવિસ્તારોમાં સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થશે.

### સજ્જ થયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદની રહી છે પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડીનો માહોલ જે રીતે જામ્યો છે તેને લઈ ખેડૂતોએ હાલ તો બટાટાની ખેતી કેટલાક વિસ્તારોમાં આરંભી દીધી હોવાનું જાણવા મળેલ છે. બટાટાની પાંચ જાતો છે પણ બિયારણો થોડાક મોંઘા છે એટલે આ પાકનું વાવેતર પણ ઘટે તેવી સંભાવનાઓ કેટલાક ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જોકે કોન્ટ્રેક્ટ ફાર્મિંગને લઈ સરેરાશ કદાચ જળવાઈ રહે તેવી પણ શક્યતના સંકેતો આજ આગેવાનોએ વાતચીતમાં વ્યક્ત કર્યો હતો.

દહેગામ-માણસામાં બટાટાની ખેતી સારી થાય છે. ગાંધીનગરની પૂર્વપટ્ટીમાં પણ બટાટાની ખેતી થાય છે. કલોલ-ગાંધીનગર-માણસામાં ઘઉંની ખેતી સારી થતી હોય છે. કૃષિ યુનિ.એ ૧૫મી નવેમ્બર પછી ઘઉંની વાવણી કરવાની સલાહ આપી છે. જો કે ઘઉંનું બિયારણ થોડુંક ગત વર્ષ કરતાં ઊંચા ભાવે બજારમાં આવ્યું છે. બીજી તરફ ૧૫મી પછી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે એટલે ખેડૂતોનો મૂડ જોવા મળશે. ૧૭૦૦થી વધુ ખેડૂતો અત્યારે વેચાણ માટેનું રજીસ્ટ્રેશન કરાવી ચુક્યા છે અને સોમવારથી પુનઃ આ રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ થશે. જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો ધીમી ગતિએ આરંભ થઈ ચુક્યો છે અને દિવાળી પહેલાં ૫૬૦ હેક્ટરમાં વાવેતર થયુ હતુ જે નોંધનીય છે.

### વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેન્નાઈથી ૧૩૪૦ કિલોમીટર પૂર્વ દક્ષિણ પૂર્વ તરફ છે. આગામી ૨૪ કલાકમાં ડિપ્રેશન બનીને તે આગળ વધી શકે છે. ચક્રવાતી તોફાન ગાજા આગામી ૨૪ કલાકમાં ખુબ તીવ્ર બની શકે છે. દક્ષિણ પશ્ચિમમાં ઉત્તર તમિળનાડુ, દક્ષિણ આંધ્રપ્રદેશની તરફ ખતરો તોળાઈ રહ્યો છે. આ સિસ્ટમ પશ્ચિમ ઉત્તરની તરફ આગળ વધીને તમિળનાડુ, આંધ્રપ્રદેશમાં વરસાદ કરી શકે છે. તમિળનાડુના દરિયાકાંઠાના વિસ્તારો અને આંધ્રપ્રદેશમાં ૧૪ અને ૧૫મી નવેમ્બરના દિવસે ભારે વરસાદ થઈ શકે છે.

### લીલીઝંડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ એક દરખાસ્ત પેન્ડિંગ રહેલી છે. અલ્હાબાદ અને ફૈઝાબાદના નામ બદલવા માટેની દરખાસ્ત હાલમાં જ આવી છે. પશ્ચિમ બંગાળનું નામ બદલીને બંગલા કરવાની દરખાસ્ત પેન્ડિંગ રહેલી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા ૨૫ સ્થળોના નામ બદલવાની મંજુરી આપી છે. અલ્હાબાદનું નામ પ્રયાગરાજ કરવા અને ફૈઝાબાદનું નામ અયોધ્યા કરવાને લઈને દરખાસ્તો તૈયાર થઈ છે પરંતુ ઉત્તરપ્રદેશ સરકારના મંત્રાલય દ્વારા હજુ યાદી મળી નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭